# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – ૨

# युधः विश्यो विनश्यति

shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

# યુદ્ધવિષ્યો વિનશ્યતિ

## વિષય પ્રવેશ

1) સંસ્કૃતમાં પ્રાણીકથાના પ્રખ્યાત ગ્રંથોના નામ જણાવો.
પંચતંત્ર વિષ્ણુશર્મા અને હિતોપદેશ (નારાયણ પંડિત)

2) 'પંચતંત્ર' કેટલા વિભાગોમાં વિભાજિત છે? કયા કયા?
→ 'પંચતંત્ર' એ મિત્રભેદ, મિત્રસંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધપ્રણાશ અને અપરીક્ષિતકારક એમ પાંચ વિભાગોમાં વિભાજીત છે.

3) હિતોપદેશ કેટલા વિભાગમાં વિભાજીત છે? કયા કયા?
→ તે મિત્રલાભ, સુહૃદ્ભેદ, વિગ્રહ અને સંધિ એમ ચાર વિભાગોમાં વિભાજિત છે.

4) પ્રસ્તુત પાઠમાં કેટલા માછલાંઓની વાર્તા છે?
→ પ્રસ્તુત પાઠમાં ત્રણ માછલાઓની વાર્તા છે: (1) અનાગત વિધાતા, (2) પ્રત્યુત્પન્નમતિ અને (3) યદ્ભવિષ્ય.

## શબ્દાર્થ

પુરા - પહેલાના સમયમાં
મત્સ્યા :- માછલાઓ
ધીવર :- પારધી, માછીમાર
ઉક્તમ્ - કહ્યું
અન્વેષિત :- શોધવું
જાલ :- આવતી કાલ

Scanned with OKEN Scanner

कुमदि :- કાચબો
व्यापादयित्या :- મારી નાખવું
कुम्भिशोपम :- વૃક્ષ સમાન
समाकर्ण्य - સાંભળીને
प्राहु :- કહ્યું
अधुना - હવે
किं - શું
साम्प्रतं - વર્તમાન / હાલ
सरः :- તળાવ
निष्क्रान्त :- નીકળી ગયા
क्षिप्तम - ફેંક્યુ
मृतवद - મરેલાની જેમ
उत्पत्युत्य - કૂદીને
गम्भीरम - ઊંડા
विनश्यति - વિનાશ પામે છે
ह्रद :- જળાશય

अनुवाद

પૂર્વે એક સરોવરમાં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય નામના ત્રણ માછલાં રહેતા હતા. હવે એક વાર તે સરોવર જોઈને માછીમારો બોલ્યા, "વાહ. આ સરોવર ઘણાં માછલાંવાળું છે. ક્યારેય પણ આપણે એ જોયું ન હતું. તો આજે આહારની વ્યવસ્થા થઈ ગઈ છે. આવતી કાલે અહીં આવીને માછલાં, કાચબા વગેરેને જરૂર મારી નાખીશું એ નક્કી છે."

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

હવે તેમનું એ વજ્ર ની ઉપમા આપી શકાય તેવું વચન સાંભળીને માછલાંઓએ એકબીજાને કહ્યું, "માછીમારોનો આ વાર્તાલાપ સાંભળ્યો? હવે આપણે શું કરવું?" ત્યાં અનાગતવિધાતા નામનો મત્સ્ય બોલ્યો, "જરૂર સવારના સમયે માછીમારો અહીં આવીને માછલાંઓનો વિનાશ કરશે એમ મને લાગે છે. તો હવે અહીં એક ક્ષણ પણ રહેવું યોગ્ય નથી. આપણે રાત્રે જ કોઈ નજીકના સરોવરમાં જવું જોઈએ. હું તો બીજા સરોવરમાં જઉં છું."

બીજો પ્રત્યુત્પન્નમતિ માછલો બોલ્યો, "ભવિષ્યને માટે પ્રમાણનો અભાવ હોવાથી મારે ક્યાં જવું? તો જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તેવું કાર્ય કરવું જોઈએ. વળી કહેવાયું છે- "ઉત્પન્ન થયેલી મુશ્કેલીનો જે સામનો કરે છે તે બુદ્ધિશાળી છે."

પછી યદ્ભવિષ્યે કહ્યું, "માછીમારોના ફક્ત કહેવા માત્રથી બાપદાદાઓના વખતના સરોવરનો ત્યાગ કરવો યોગ્ય નથી. જો આયુષ્યનો નાશ થવાનો હોય, તો બીજે સ્થાને ગયેલાઓનું મૃત્યુ થવાનું જ છે."

અને કહેવાયું છે, "જે ન થનાર હોય તે નહીં થાય અને જે થવાનું હશે તે બદલવાનું નથી એમ ચિંતારૂપી વિષને હણનારું આ અમૃત તમે કેમ પીતા નથી?"

હવે તે બંનેનો નિશ્ચય જાણીને અનાગતવિધાતા પરિવાર સાથે ત્યાંથી નીકળી ગયો. આ બંને ત્યાં જ સરોવરમાં રહ્યા. બીજે દિવસે માછીમારોએ આવીને સરોવરમાં જાળ ફેંકી. જાળ વડે બંધાયેલો પ્રત્યુત્પન્નમતિ મરેલાની માફક પોતાને બતાવીને પડ્યો રહ્યો. પછી જાળ માંથી દૂર ફેંકી દેવાયેલો તે શક્તિ પ્રમાણે કૂદીને ઊંડા પાણીમાં પેસી

Scanned with OKEN Scanner

ગયો. યદ્ભવિષ્યને માછીમારોએ પકડયો અને મારી નાખ્યો. આથી જ કહેવાયું છે-

અનાગતવિધાતા (જે આવ્યું નથી તેનું અનુમાન કરનારો) અને પ્રત્યુત્પન્નમતિ (જેની બુદ્ધિ ત્વરિત નિર્ણય લેનારી છે તે) આ બંને સુખેથી વૃદ્ધિ પામે છે; યદ્ભવિષ્ય (જે ભાવિમાં થનાર છે તે ભલે થાય એવી વિચારધારા વાળો) વિનાશ પામે છે.

## स्वाध्याय

प्र.1. अधोदत्तेभ्य: विकल्पेभ्य: समुचितम् उत्तरं चिनुत -

1) धीवराणां वचनं कीदृशम् आसीत् ?
-> कुलिशोपमम्

2) अन्यं जलाशयं गन्तुं क: मत्स्य: निश्चयं करोति ?
-> अनागतविधाता

3) धीवरै: उक्तम्, अद्य अस्माकं वृत्ति:......... ?
-> सञ्जाता

4) अनागतविधाता ........ सह निष्क्रान्त: ।
-> परिजनेन

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

5) प्रत्युत्पन्नमति : प्राह : भविष्यदर्थे प्रमाणाभावात् कुत्र मया ....... ।
→ गन्तव्यम्

6) अनागतविधाता प्राह - अत्र क्षणमपि ....... न युक्तम् ।
→ अपस्थातुम्

प्र. 2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।

1) जलाशये के त्रयः मत्स्याः वसन्ति स्म ?
→ जलाशये अनागतविधाता, प्रत्युत्पन्नमतिः यद्भविष्यः चेति त्रयः मत्स्याः वसन्ति स्म ।

2) अपरेद्युः धीवरैः जलाशये किं क्षिप्तम् ?
→ अपरेद्युः धीवरैः जलाशये जालं क्षिप्तम् ।

3) कौ द्वौ मत्स्यौ जलाशये एव स्थितौ ?
→ प्रत्युत्पन्नमतिः यद्भविष्यः च इति द्वौ मत्स्यौ जलाशये एव स्थितौ ।

4) जालात् अपसारितः प्रत्युत्पन्नमतिः कीदृशं नीरं प्रविष्टः ?
→ जालात् अपसारितः प्रत्युत्पन्नमतिः गम्भीरम् नीरं प्रविष्टः ।

5) कः मत्स्यः धीवरैः व्यापादितः ?
→ यद्भविष्यनामा मत्स्यः धीवरैः व्यापादितः ।

Scanned with OKEN Scanner

प्र. ३. अधोलिखितानां कृदन्तानां प्रकारं लिखत।

(1) सञ्जाता - (सम् + जन् ४ आ. धातोः) 'त:' प्रत्यान्तं कर्मणि भूतकाल वाचकं धातुसाधितं कृदन्त-विशेषणम्

(2) अनुष्ठेयम् - (अनु + स्था १ प. धातोः) विध्यर्थ कर्मणि धातुसाधितं कृदन्त - विशेषणम्

(3) समाकर्ण्य - (सम् + आ + कर्ण १० प. धातोः) पूर्वकाल वाचकं धातुसाधितं ल्यबन्तम् अव्ययम्, अथवा सम्बन्धक भूतकृदन्तम्

(4) बद्धः - (बन्ध ९ प. धातोः) कर्मणि भूतकालवाचकं धातुसाधितं विशेषण - कृदन्तम्

(5) अवस्थातुम् - (अव + स्था १ प. धातोः) हेत्वर्थकं धातुसाधितं तुमन्तम् अव्ययम्

(6) गन्तव्यम् - (गम् प. धातोः) विध्यर्थ कर्मणि धातुसाधितं कृदन्त - विशेषणम्

प्र. ४. समासप्रकारं लिखत।

1) अभाशयान्तरम् - (अन्यः अभाशयः) - कर्मधारय समासः

2) बहुमत्स्यः - (बहवः मत्स्याः यस्मिन् सः) - बहुव्रीहि समासः

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

3) धीवरालाप :- (धीवराणाम् आलापः) - षष्ठी तत्पुरुष समासः

4) प्रत्युत्पन्नमति :- (प्रत्युत्पन्ना मतिः यस्य सः) - बहुव्रीहि समासः

5) प्रमाणाभावात - (प्रमाणस्य प्रमाणानाम् वा अभावः, तस्मात्) - षष्ठी तत्पुरुष समासः

प्र. 5. सन्धिविच्छेदं कुरुत

1) यद्भविष्यश्चेति = यद्भविष्यः + च + इति
2) श्रुतोऽयम = श्रुतः + अयम
3) प्रत्युत्पन्नमतिस्तथा = प्रत्युत्पन्नमतिः + तथा

प्र. 6. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।

1) बहुमत्स्यः अयं ह्रदः ।
→ कीदृशः अयं ह्रदः ?

2) अस्माभिः रात्रौ एव समीपं सरः गन्तव्यम् ।
→ अस्माभिः कदा समीपं सरः गन्तव्यम् ?

3) अनागतविधाता परिजनेन सह निष्क्रान्तः ।
→ अनागतविधाता केन सह निष्क्रान्तः ?

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



4) प्रत्युत्पन्नमति : जालात् अपसारित: ।
→ प्रत्युत्पन्नमति : कस्मात् अपसारित: ?

5) धीवरै : यद्भविष्य: व्यापादित: ।
→ धीवरै : क: व्यापादित: ?

प्र. 7. कथाया: क्रमानुसारेण वाक्यानि लिखत ।

1) अहं तावज्जलाशयान्तरं गच्छामि ।
2) पितृपैतामहिकस्य जलाशयस्य त्याग: न युज्यते ।
3) प्रमाणाभावात् कुत्र मया गन्तव्यम् ।
4) श्व: अत्र आगम्य मत्स्यकूर्मादयो व्यापादयितव्या: ।
5) धीवरै : जलाशये जालं क्षिप्तम् ।
6) यद्भविष्य: धीवरै: प्राप्त: व्यापादित: च ।

उत्तरम् 1) श्व: अत्र आगम्य मत्स्यकूर्मादयो व्यापादयितव्या: ।
2) अहं तावज्जलाशयान्तरं गच्छामि ।
3) प्रमाणाभावात् कुत्र मया गन्तव्यम् ।
4) पितृपैतामहिकस्य जलाशयस्य त्याग: न युज्यते
5) धीवरै : जलाशये जालं क्षिप्तम् ।
6) यद्भविष्य : धीवरै : प्राप्त: व्यापादित: च ।

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education
shikshansagar.com

Page
Date

प्र. ४. गुर्जरभाषायाम् उत्तराणि लिखत।

1) સરોવરને જોઈને માછીમારોએ શો વિચાર કર્યો ?

→ સરોવરને જોઈને માછીમારોએ વિચાર્યું, "વાહ ! આ સરોવર તો ઘણાં માછલાંઓવાળું છે ! ક્યારેય આવું સરોવર આપણે જોયું ન હતું. તો આજે આહારની સારી વ્યવસ્થા થઈ ગઈ. આવતી કાલે અહીં આવીને માછલાં, કાચબા વગેરેને જરૂર મારી નાખીશું."

2) માછીમારોનું વચન સાંભળીને માછલાંઓએ પરસ્પર શું કહ્યું ?

→ માછીમારોનું વજ્ર જેવું કઠોર વચન સાંભળીને માછલાંઓએ પરસ્પર કહ્યું, "માછીમારોની આ વાતચીત સાંભળી ? હવે આપણે શું કરવું ?"

3) અનાગતવિધાતાએ પોતાનો કયો મત દર્શાવ્યો ?

→ અનાગતવિધાતાએ પોતાનો મત દર્શાવતાં કહ્યું, "ખરેખર સવારના સમયે માછીમારો અહીં આવીને માછલાંઓનો વિનાશ કરશે. હવે અહીં ક્ષણ વાર પણ રહેવું યોગ્ય નથી. આપણે રાત્રે જ કોઈ નજીકના સરોવરમાં જવું જોઈએ. હું બીજા જળાશયમાં જાઉં છું."

4) પ્રત્યુત્પન્નમતિએ અન્ય જળાશયમાં જવાનું કેમ માંડી વાળ્યું ?

→ પ્રત્યુત્પન્નમતિ કહે છે કે, "ભવિષ્ય માટે પ્રમાણોના અભાવથી મારે ક્યાં જવું ? આવી પડેલી પરિસ્થિતિમાં કરવાયોગ્ય હોય તે કરવું જોઈએ. કહેવાયું છે કે, આવી પડેલી આફતનો જે નિવેડો લાવે છે તે માણસ જ બુદ્ધિમાન છે." આવું વિચારીને તેણે અન્ય જળાશયમાં જવાનું માંડી વાળ્યું.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

5) સરોવર છોડવા અંગે યદ્ભવિષ્ય શું માને છે?

-> સરોવર છોડવા અંગે યદ્ભવિષ્ય કહે છે: ફક્ત માછીમારોની વાત સાંભળીને બાપદાદાના વતનનું જળાશય છોડી દેવું યોગ્ય નથી. જો આયુષ્ય પૂરું થયું હશે, તો બીજે ગયેલાંઓનું મૃત્યુ પણ થવાનું જ છે. કહેવાયું છે કે -

"જે ન થવાનું હોય તે નહીં થાય; જો થનાર હશે, તો તે બદલાશે નહીં. આમ, ચિંતારૂપી વિષનો નાશ કરનાર ઔષધનું સેવન તમે કેમ કરતા નથી?

6) આ વાર્તામાંથી કયો બોધ મળે છે?

-> વાર્તામાંથી આ બોધ મળે છે કે, જે આવ્યું નથી તેની અટકળ કરનારો અને જેની બુદ્ધિ ત્વરિત નિર્ણય લેનારી છે તે બંને સુખપૂર્વક જીવન જીવે છે. પરંતુ જે વ્યક્તિ 'ભવિષ્યમાં થનાર છે તે ભલે થાય' એવી વિચારધારાવાળો, આળસુ અને નિરુદ્યમી છે તેનો વિનાશ થાય છે. ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનો ઉપાય માણસે અગાઉથી વિચારવો જોઈએ અને મુશ્કેલી આવી પડે ત્યારે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને તેમાંથી માર્ગ શોધવો જોઈએ. માત્ર નસીબને આધારે બેસી રહેનાર આળસુ અને નિરુદ્યમીની દશા 'યદ્ભવિષ્ય' નામના માછલા જેવી થાય છે.

प्र.१. पात्रैः सह यथास्वम् उक्तिं संयोजयत ।

| 'क' | 'ख' |
| --- | --- |
| 1) धीवराः | अहो बहुमत्स्योऽयं ह्रदः । |
| 2) अनागतविधाता | तन्न युक्तं साम्प्रतं क्षणमपि अत्र अवस्थातुम् । |

Scanned with OKEN Scanner

3) यद्भविष्य :                    यदभावि न तद्भावि ।

4) प्रत्युत्पन्नमति :            तदुत्पन्नो यथाकार्यं तदनुष्ठेयम् ।

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

**ટીચર** – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



**વિદ્યાર્થી** – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

**ટીચર હેલ્પ ડેસ્ક** – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લિકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION